# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-04-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

**આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.**

**************************************************

- લોકસભા ચૂંટણી પૂર્વે કેન્દ્રિય ચૂંટણીપંચે દેશમાંથી રોકડ રકમ સહિત 4650 કરોડ રૂપિયાની કિંમતનો ગેરકાયદેસર વસ્તુઓનો જથ્થો જપ્ત કર્યો.
- લોકસભા ચૂંટણી માટે કેરળમાં પ્રચાર અભિયાન તેજ બન્યું, પ્રધાનમંત્રી મોદીએ ડાબેરી સરકાર સામે વિકાસલક્ષી યોજનાઓ અવરોધવાનો આરોપ મૂક્યો, તો રાહુલ ગાંધીએ પણ વાયનાડ બેઠક માટે ચૂંટણી પ્રચાર કર્યો.
- ઉપરાષ્ટ્રપતિ ધનખડે કહ્યું કે કુત્રિમ બુદ્ધિમત્તા – AI અને આધુનિક એનાલિટિક્સ ટેક્નૉલોજી ટેક્સ ગવર્નન્સના સુધારમાં ઉપયોગી સાબિત થઈ રહી છે.
- અમરનાથ અને ચારધામ યાત્રા માટે આજથી નોંધણી શરૂ કરાઈ, 40 દિવસ ચાલશે અમરનાથ યાત્રા.
- ચાલુ વર્ષે ચોમાસું સરેરાશ કરતાં સારું રહેવાની ભારતીય હવામાન વિભાગે આગાહી કરી...

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EC _ SEIZURES

કેન્દ્રીય ચૂંટણી પંચે 2024ની લોકસભા ચૂંટણી પૂર્વે દેશભરમાંથી રોકડ રકમ સહિત 4650 કરોડ રૂપિયાની ગેરકાયદેસર વસ્તુઓનો જથ્થો જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલી વસ્તુઓમાં 47 ટકા જેટલો જથ્થો માદક અને નશિલા પદાર્થોનો છે. જેમાં અંદાજે 395 કરોડ રૂપિયાની રોકડ રકમ, અંદાજે 490 કરોડ રૂપિયાનો દારુ, 2 હજાર, 68 કરોડ રૂપિયાની કિંમતના નશિલા પદાર્થો, 562 કરોડ રૂપિયાની કિમતી ધાતુઓ, 1 હજાર 142 કરોડ઼ રૂપિયાની અન્ય વસ્તુઓ સામેલ છે. લોકસભા ચૂંટણીનાં 75 વર્ષના ઇતિહાસમાં આ આંકડો સૌથી વધારે છે. જે ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને પ્રલોભનોમાં તીવ્ર વધારાને દર્શાવે છે. આ  પૂર્વે 2019ની લોકસભા ચૂંટણીમાં 3475 કરોડ રૂપિયાથી વધારાનો ગેરકાયદેસર વસ્તુઓનો જથ્થો જપ્ત કરાયો હતો.

## KERALA _ PM _ RAHUL

લોકસભા ચૂંટણી માટે કેરળમાં 26 એપ્રિલે બીજા તબક્કાનું મતદાન થશે. જેને લઈને વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ ચૂંટણી પ્રચાર માટે કેરળ પહોંચી રહ્યાં છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અલાથુર અનામત બેઠક માટે ચેરુવત્તાનીમાં, જાહેર સભાને સંબોધતા ડાબેરીઓ સામે પ્રહાર કર્યા. પ્રધાનમંત્રીએ કહ્યું કે કેરળની ડાબેરી સરકાર  વિકાસની યોજનાઓમાં અવરોધ ઉભા કરી રહી છે. વધુમાં તેમણે કહ્યું કે સામાન્ય લોકોનું, ખાસ કરીને ગરીબોનું કલ્યાણ સુનિશ્ચિત કરવું એ ભાજપ સરકારની પ્રાથમિકતા છે.  વ઼ડા પ્રધાન મોદીએ કહ્યું કે આગામી સામાન્ય ચૂંટણી દેશના ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ પ્રશિસ્ત કરશે. ભાજપનો ચૂંટણી ઢંઢેરો દેશના વિકાસની આકાંક્ષાઓને દર્શાવે છે. કૉંગ્રેસે ભારતને એક નબળા રાષ્ટ્ર રૂપે રજૂ કર્યો હતું, જેને ભાજપે મજબૂત બનાવ્યું. પ્રધાનમંત્રી મોદીએ ભાજપ સત્તામાં આવે છે તો કેરળના વિકાસને વૈશ્વિક ફલક પર લઈ જવાનું વચન આપ્યું.

આ તરફ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વાયનાડ મત વિસ્તારના બથેરીમાં રોડ શૉ આયોજીત કર્યો હતો. સાંજે તેમણે કોઝિકોડ દરિયાકાંઠે યુનાઇટેડ ડેમોક્રેકિટક ફ્રન્ટ દ્વારા આયોજીત રેલીમાં ભાગ લીધો. સીતારામ યેચુરી અને પ્રકાશ કરાત સહિત લેફ્ટ ડેમૉક્રેટિક ફ્રન્ટના વરિષ્ઠ નેતાઓ પણ આ સપ્તાહે કેરળ પ્રચાર અભિયાનમાં ઉતરશે.

## MODI _TAMILNADU

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું છે કે કેન્દ્રની NDA સરકાર દેશના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. તમિલનાડુમાં પ્રચાર સભા દરમિયાન તેમણે ભાજપ સરકારના વિકાસ કર્યોની યાદી ગણાવી હતી. શ્રી મોદીએ ડીએમકે – કૉંગ્રેસ ગઠબંધન સામે ડ્રગ્સ અને ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાનો આરોપ મૂક્યો. વધુમાં તેમણે કહ્યું કે લોકોએ આવા પક્ષોને સત્તાથી દૂર રાખવા માટે નિર્ણાયક પગલાં લેવા જોઈએ.

## Uparastrapati Jagdeep Dhankhade

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને એડવાન્સ એનાલિટિક્સ જેવી નવી ટેક્નોલોજી ટેક્સ ગવર્નન્સમાં સુધારો કરી રહી છે અને કરચોરીને રોકવામાં મદદ કરી રહી છે. આ સિસ્ટમમાં કરદાતાનો વિશ્વાસ વધારે છે, જે બદલામાં વધુ કર અનુપાલનને પ્રોત્સાહિત કરે છે. શ્રી ધનખડે આજે નાગપુરમાં નેશનલ એકેડેમી ઓફ ડાયરેક્ટ ટેક્સીસ ખાતે ભારતીય મહેસૂલ સેવાની 76 બેચ માટે ઇન્ડક્શન ટ્રેનિંગના સમાપન સત્રને સંબોધિત કરી રહ્યા હતા. આ પ્રસંગે મહારાષ્ટ્રના ગવર્નર રમેશ બૈસ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના અધ્યક્ષ નીતિન ગુપ્તા હાજર હતા.

## SC- KEJRIWAL

સર્વોચ્ચ અદાલતે આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને નોટિસ પાઠવી છે. કેજરીવાલે કથિત દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં EDની કસ્ટડીમાંથી મુક્ત કરવાની માંગ કરતી આ અરજી દાખલ કરી હતી. સર્વોચ્ચ અદાલત 29 એપ્રિલે આ કેસની ફરી સુનાવણી કરશે. કોર્ટે EDનો જવાબ મેળવતા પહેલા વચગાળાની મુક્તિ માટેની તેમની અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે આ કેસની સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો.

આ સાથે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે મુખ્યમંત્રીની ન્યાયિક કસ્ટડી 23 એપ્રિલ સુધી વધારી દીધી છે. સુનાવણી દરમિયાન કેજરીવાલ વર્ચ્યુઅલ કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં હાજર થયા હતા. આ સમય દરમિયાન, કોર્ટે એક્સાઇઝ પોલિસી કૌભાંડમાં સહ-આરોપી કવિતાની ન્યાયિક કસ્ટડી પણ 23 એપ્રિલ સુધી લંબાવી હતી.

કેજરીવાલની 21મી માર્ચે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી હાલમાં તે તિહાર જેલમાં રિમાન્ડ પર છે.

## WB-MAMATA BANERJEE CAMPAIGN

તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપના નેતાઓ સામે ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો છે. તેમણે કૂચબિહાર લોકસભા વિસ્તારના રાસલીલા મેદાનમાં જાહેર સંબોધન કરતા આ વાત કરી. મમતા બેનર્જીએ કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસ સરકારે બંગાળના લોકોના હિતમાં ઘણું કર્યું છે. તેમણે કહ્યું કે તેમની સરકારે રાજવંશી સમુદાયના હિતમાં વિકાસ સહિતની ઘણી યોજનાઓ અમલી બનાવી છે.

## TRINAMOOL CONGRESS REACTION

તૃણમૂલ કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર પશ્ચિમ બંગાળને મળતું ફંડ રોકવાનો આરોપ લગાવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના નેતા શશી પંજાએ કહ્યું કે પશ્ચિમ બંગાળ

પોલીસે જ તાજેતરમાં રામેશ્વરમ કાફે બ્લાસ્ટના આરોપીની ધરપકડ કરી છે.તેણીએ ભાજપના નેતા અનુરાગ સિંહ ઠાકુરના દાવાને રદિયો આપ્યો હતો કે પશ્ચિમ બંગાળ આતંકવાદ પર કાર્યવાહી નથી કરી રહ્યું.

## ANURAG _CAMPAIGN

ભારતીય જનતા પાર્ટીના નેતા અને કેન્દ્રીય મંત્રી અનુરાગસિંહ ઠાકોરે કહ્યું છે કે પશ્ચિમ બંગાળમાં સત્તાપક્ષ મમતા બેનર્જીના નેતૃત્વમાં રાજ્યના લોકોની ઉપેક્ષા કરી રહ્યો છે. સિલીગુડીના બાગ઼ડોગરા એરપોર્ટ પર પત્રકારોને સંબોધતા તેમણે કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસ કેન્દ્રીય યોજનાઓમાં અવરોધ ઉભા કરી રહી છે. કેન્દ્રીય મંત્રીએ બંગાળના ચાના બગીચાઓમાં શ્રમિકોની દયનીય સ્થિતિને લઈને પણ ચિંતા વ્યક્ત કરી. આ પૂર્વે તેમણે સિલીગુડીમાં વેપારી સમુદાય સાથે બેઠક યોજી હતી. આજે પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન અનુરાગ ઠાકુરે રમત-ગમત સંગઠનના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી.

## IPL

IPL ક્રિકેટમાં બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં અત્યારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે મેચ રમાઈ રહી છે.. બેંગલુરુએ ટૉસ જીતીને બોલિંગ લીધી. છેલ્લા સમાચાર મુજબ સનરાઈઝર્સ હૈદરાબાદ ના 6 ઓવર માં ...વિકેટે 76 રન થયા છે.

## CONGRESS-NORTH EAST

કોંગ્રેસે આજે દાવો કર્યો છે કે પૂર્વોત્તર રાજ્યોમાં પાર્ટીની લહેર દેખાઈ રહી છે. આજે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે ઉત્તર-પૂર્વના રાજ્યોમાં વિવિધતાનું રક્ષણ કરવું એ સૌથી મોટો મુદ્દો છે. તેમણે આરોપ લગાવ્યો કે ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ધર્મ, જાતિ, ભાષા અને ક્ષેત્રના આધારે વિવિધતા આજે જોખમમાં છે.

## NHAI-WORKSHOP

ભારત રાષ્ટ્રીય ધોરીમાર્ગ સંગ NHAI એ આજે નવી દિલ્હીમાં પર્યાવરણ અનુકૂલન સમન ઉપાયો વિશે એક દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળા નું આયોજન કર્યું હતું.. આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય ઈકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસનો ઉપયોગ કરીને દેશના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ના માળખા ને વિસ્તારવા માટે મજબૂત પાયો નાખવાનો છે. તેમાં સમગ્ર દેશમાં પર્યાવરણને અનુકૂળ હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે પ્રોજેક્ટ ક્લિયરન્સ અને શમન વ્યૂહરચના સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

NHAIના અધ્યક્ષ સંતોષ કુમાર યાદવે ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે NHAI ની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને ગ્રીન નેશનલ હાઈવેના નિર્માણમાં વાઈલ્ડલાઈફ કોરિડોર, અમૃત સરોવર, પ્લાન્ટેશન ડ્રાઈવ અને વેસ્ટ મટિરિયલનો ઉપયોગ જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો.

ફોરેસ્ટના મહાનિર્દેશક જિતેન્દ્ર કુમારે આંતર-વિભાગીય સહયોગમાં સુધારો કરીને અને હાઇવે બાંધકામમાં ગ્રીન પ્રેક્ટિસ અપનાવવા માટે એક નક્કર રોડમેપ બનાવીને આયોજન પ્રક્રિયાને ઝડપી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના સચિવ અનુરાગ જૈને સમગ્ર દેશમાં ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અસરકારક રીતે વિકસાવવા માટે PM ગતિ શક્તિના માળખાનો ઉપયોગ કરીને સહયોગી અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## EARTHQUAKE _ PAPUA _NEW GUINEA

પાપુઓ ન્યૂ ગિનીના ઉત્તરી વિસ્તારમાં આજે રિક્ટર સ્કેલ પર 6ની તીવ્રતાનો ભૂંકપ અનુભવાયો. જોકે તેનાથી સુનામી કે અન્ય કોઈ મોટી દુર્ઘટનાની સંભાવના નહીં હોવાનું અમેરિકાના વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે. અમેરિકાના ભૂગર્ભીય સર્વે

અનુસાર ભૂકંપનું કેન્દ્ર બિંદુ ન્યૂ બ્રિટેનના કિમ્બે ટાપુ પર નોંધાયું હતું. ભૂકંપને કારણે જાનમાલને નુકસાન થયાના સમાચાર નથી.

## Shri Amarnath

શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડે યાત્રાની તારીખો અને માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે. આ વર્ષે અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થશે અને તેના માટે નોંધણીની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવશે.

શ્રાઈન બોર્ડે જણાવ્યું કે, આ વર્ષે અમરનાથ યાત્રા ૪૦ દિવસની હશે. ૨૯ જૂનથી શરૂ થનારી યાત્રા ૧૯ ઑગસ્ટે પૂરી થશે. આ યાત્રામાં જતા પહેલા શ્રદ્ધાળુઓએ અગાઉથી નોંધણી કરાવવી જરૂરી છે, યાત્રા પર જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ મંદિર ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ પર નોંધણી કરાવી શકે છે. આ સિવાય મોબાઈલ એપ્લિકેશન શ્રી અમરનાથજી યાત્રાથી પણ નોંધણી થઈ શકે છે.

ઉત્તરાખંડ પ્રવાસન વિકાસબોર્ડ દ્વારા ચારધામ યાત્રા માટેની ઓનલાઇન નોંધણી આજથી શરૂ થઇ છે. આ ચાર ધામની યાત્રા દસમી મે થી શરૂ થશે.

## IMD _ IND _WEATHER

ખેડૂતો માટે સારા સમાચાર છે. આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય કરતાં સારું રહેવાની આગાહી ભારતીય હવામાન વિભાગે વ્યક્ત કરી છે.  પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ ડૉ. એમ. રવિન્દ્રને આજે દિલ્હીમાં પત્રકારોને સંબોધતા કહ્યું કે ઉત્તર પશ્ચિમી, પૂર્વીય અને પૂર્વોત્તર રાજ્યોનાં કેટલાંક ભાગોમાં સામાન્યથી ઓછો વરસાદ થઈ શકે છે.

ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય માહાપાત્રાએ કહ્યું કે પહેલી જૂને 30 ડીસેમ્બર સુધી દેશભરમાં સરેરાશ 87 સેન્ટિમીટર જેટલો વરસાદ થવાની શક્યતા છે. વધુમાં તેમણે ઉમેર્યું...ચોમાસાના શરુઆતી દિવસોમાં અલ-

નીનોની સ્થિતિ નબળી રહી શકે છે. જ્યારે કે ઑગસ્ટથી સપ્ટેમ્બર દરમિયાન લા-નીનોની સ્થિતિ સારી રહેશે. જેને કારણે ચોમાસું સારું રહેવાના આસાર છે.

## MILITARY-DUSTLIK

ભારત-ઉઝબેકિસ્તાન સંયુક્ત લશ્કરી કવાયત DUSTLIK ની પાંચમી આવૃત્તિમાં ભાગ લેવા માટે આજે ભારતીય સેનાની ટુકડી ઉઝબેકિસ્તાનના ટર્મેઝ ખાતે રવાના થઈ છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ મહિનાની 15 થી 28 તારીખ સુધી યોજાનાર આ કવાયતમાં ભારતીય સશસ્ત્ર દળોની ટુકડીમાં 60 જવાનો અને ઉઝબેકિસ્તાન તરફથી 100 જવાનો ભાગ લેશે.

આ કવાયતનો હેતુ સૈન્ય સહયોગને પ્રોત્સાહન આપવા અને પર્વતીય તેમજ અર્ધ શહેરી વિસ્તારોમાં સંયુક્ત કામગીરી ચલાવવા માટે સંયુક્ત ક્ષમતાઓને વધારવાનો છે. DUSTLIK કવાયત દરમિયાન ઉચ્ચ સ્તરની શારીરિક તંદુરસ્તી, સંયુક્ત આયોજન, સંયુક્ત વ્યૂહાત્મક કવાયત અને વિશેષ શસ્ત્ર કૌશલ્યની મૂળભૂત બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.